**વર્ષ:૨૦૨૦ માટે પેન્શનરોની હયાતિની ખરાઈનો સમયગાળો ઓક્ટોબર મહિના સુધી લંબાવવા બાબત.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૦૮/૨૦૨૦

**વંચાણે લીધા :**

(૧) નાણા વિભાગનો તા.૧૯/૦૫/૧૯૯૪નો ઠરાવ ક : ટીજેઆર-૧૨૯૩-૯૬૦-ઝ
(૨) નાણા વિભાગનો તા.૦૫/૦૭/૨૦૦૭નો ઠરાવ ક: તજર-૧૦૨૦૦૭-૧૧૭-ઝ
(૩) નાણા વિભાગનું તા.૨૨/૦૮/૨૦૧૨નુ જાહેરનામું ક; (જીએન-૧૮)તજર-૧૦૨૦૦૭-૧૧૭ઝ
(૪) નાણા વિભાગનો તા.૧૭/૦૯/૨૦૧૨નો ઠરાવ ક: તજર-૧૦૨૦૦૭-૧૩૪-ઝ
(૫) નાણા વિભાગનો તા.૨૯/૦૫/૨૦૧૭નો ઠરાવ ક: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ
(૬) નાણા વિભાગનો તા.૨૯/૦૪/૨૦૨૦નો ઠરાવ ક: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ

**આમુખ :**

રાજ્ય સરકારના પેન્શનરો માટે ઉક્ત વંચાણે લીધેલ નાણા વિભાગના તા.૨૯/૦૪/૨૦૨૦ના ઠરાવથી વર્ષ-૨૦૨૦માં હયાતિની ખરાઈ મે મહિનાને બદલે જૂન મહિનામાં કરાવવાનું તેમજ જે પેન્શનરો જૂન મહિનામાં હયાતિની ખરાઈ ન કરાવી શકે તેઓ જુલાઇ અને ઓગસ્ટ મહિનામાં પણ હયાતીની ખરાઇ કરાવી શકે તેવું નિયત કરવામાં આવેલ છે. પેન્શનરો દ્વારા કોરોના મહામારીને ધ્યાને લઇને હયાતીની ખરાઇ માટેનો સમયગાળો વધારવા માટે રજૂઆત કરવામાં આવેલ. આથી, પેન્શનરોને વાર્ષિક હયાતિની ખરાઈ કરાવવામાં મુશ્કેલી ન પડે તે માટે હયાતીની ખરાઇ માટેનો સમયગાળો વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે, કે જે પેન્શનરો વર્ષ-૨૦૨૦માં જૂન, જુલાઇ કે ઓગસ્ટ મહિનામાં હયાતીની ખરાઇ કરાવી શકેલ નથી તેવા પેન્શનરો સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં પણ હયાતીની ખરાઇ કરાવી શકશે. ઉપરાંત, વંચાણે લીધેલ ક્રમ (૫) ઉપરના ઠરાવ અન્વયે રાજ્ય સરકારનાં પેન્શનરો/કુટુંબ પેન્શનરો Jeevan Pramaan Portal (www.jeevanpramaan.gov.in) ઉપર પણ Online હયાતીની ખરાઈ કરાવી શકે છે. આમ, સને ૨૦૨૦માં ઓક્ટોબર મહિનાના અંત સુધીમાં હયાતિની ખરાઈ કરાવવામાં પેન્શનર નિષ્ફળ જાય તો તેવા કિસ્સામાં નવેમ્બર મહિનાથી પેન્શનની રકમનું ચુકવણું સ્થગિત કરવાનું ઠરાવવામાં આવે છે.

પેન્શનરોની વાર્ષિક હયાતિની ખરાઈ બાબતે નાણા વિભાગની વખતો વખતની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે. આ સૂચનાઓ વર્ષ ૨૦૨૦ માટે જ અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી(ગુજરાત રાજ્ય)
"વિમા અને લેખા ભવન"બ્લોક નં ૧૭ ડો.જીવરાજ મહેતા ભવન,સેક્ટર ૧૦બી, ગાંધીનગર

---

હિતનિ/ટીસી/પ્ર.ન.૧૩૪/હયાતી/૨૦૨૦ 3855 - 889 તા28/8/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા/તિજોરી અધિકારીશ્રી(પેન્શન),
જિલ્લા/પેન્શન ચુકવણા કચેરી,
તમામ.

ઉક્ત પત્રમાં જણાવ્યાં મુજબની કાર્યવાહી કરવા વિનંતી છે.

હિસાબી અધિકારી

નકલ રવાના:-
હિસાબી અધિકારીશ્રી, ઇડીપી શાખા, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર તરફ હયાતી ન થવાના કારણે પેન્શન બંધ થવાની તારીખ System માં બદલવા માટે TCS ને જાણ કરવા અંગે યોગ્ય કાર્યવાહી કરવી.